**(શરૂ–૧૨:૫૦, પુર્ણ–: )**

**<u>સોગંદ આપ્યા...</u>**

**<u>વાદી તરફે સાહેદ નં.૧ તરીકે ભુદરભાઈ લવજીભાઈ પટેલની આંક–૬૦ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૫ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી જે.વી.ઠકકર.</u>**

૧. મે ધોરણ–૬ સુધી અભ્યાસ કરેલ છે. મને લખતા વાંચતા આવડે છે. હું હળવદ મુકામે ખેતી કરુ છુ. હું મારી માલીકીની જમીનમા ખેતીકામ કરુ છુ. મારી માલીકીની ખેતીની જમીનના સર્વે નં.૧૩૫૫ છે. આ જમીન મારી સંયુકત માલીકીની જમીન છે મારી એકલાની માલીકીની જમીન નથી. હું છેલ્લા સાંઈઠ વર્ષથી તેમા ખેતીકામ કરુ છુ.

૨. હાલની દાવાવાળી જમીનના સર્વે નંબર કયા છે તેનો મને ખ્યાલ નથી. આ દાવાના વાદી કોણ છે તેની મને ખબર નથી. હાલનો દાવો કોણે દાખલ કરેલ છે તેનો મને ખ્યાલ નથી. હું માણેકલાલ મોતીરામભાઈને ઓળખતો નથી. હું જે ખેતર અંગે સોગંદ ઉપર જુબાની આપવા આવેલ છુ તે ખેતર મકાસરી નામથી ઓળખાય છે. દાવાવાળી ખેતીની જમીનમા વાવણી કરવા અંગે મારા પિતા લવજીભાઈ ડાયાભાઈ પટેલને, લક્ષ્મીશંકર ધનેશંકર રાવલે કહેલ અને ત્યારબાદ તેમા હું વાવણી કરુ છુ. હું દાવાવાળી જમીનમા વાવણી કરતો હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. લક્ષ્મીશંકર ધનેશંકર રાવલના ત્રણ સંતાનો હતા જે પૈકી દુલેરામભાઈ હળવદ ખાતે રહેતા હતા અને બાકીના સંતાનો બહાર રહેતા હતા પરંતુ તેમના નામ મને ખબર નથી. દુલેરામભાઈ હળવદખાતે રહેતા હતા તેવી વાત હું કરુ છુ તે વાત પચ્ચીસ વર્ષ પહેલાની છે. મને હાલના દાવામા સાહેદી આપવા માટે આવવા અંગે વાદીના દિકરાના દિકરા નરેશભાઈએ જણાવેલુ. મે મારી હાલની સરતપાસ વાંચી રજુ કરેલ છે. મારી સરતપાસમા લખેલ વિગતોની મને ખબર નથી. સોગંદ ઉપર

ખોટો પુરાવો રજુ કરવો ગુનો બને છે તે હું જાણુ છુ. મે હાલની દાવા અરજી વાંચેલ છે. હાલના દાવામા દાવા અરજીના પેરેગ્રાફ નં.૯મા શુ વિગતો જણાવી છે તેની મને ખબર નથી. લક્ષ્મીશંકર ઘનેશંકર રાવલ, રાવલફળી હળવદ મુકામે રહેતા હતા. મારા પિતા લવજીભાઈ ડાયાભાઈ પટેલને લક્ષ્મીશંકર ઘનેશંકર રાવલ સાથે હળવદમા એક ગામમા રહેતા હોવાથી ઓળખાણ થયેલી. મારા પિતા આશરે વીસ વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. દાવાવાળી ખેતીની જમીનમા ૫૫ થી ૬૦ વર્ષથી ત્રીજાભાગે ખેતીકામ કરતા હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે સર્વે નં.૧૩૫૫મા ખેતી કરવા માટેની બીયારણ તથા ખાતર બજારમાંથી ખરીદવુ પડે છે અને તેના બીલો પણ મેળવીએ છીએ.

સવાલ:– દાવાવાળી ખેતીની જમીન માટે બીયારણ તથા ખાતર ખરીદ્યા હોય તેવા બીલો આપની પાસે છે?

જવાબ:– અમે બધુ સાથે જ ખરીદી કરતા હોઈએ છીએ જેથી સ્પેશ્યલ દાવાવાળી જમીનના ખાતર તેમજ બીયારણના બીલો નથી.

સવાલ:– તમે બધુ જ એકીસાથે ખરીદ કરતા હોવાથી તમારી પોતાની માલીકીની ખેતીની જમીનના બીયારણ તેમજ ખાતરનુ તથા હાલની દાવાવાળી ખેતીની જમીનનુ બીયારણ તથા ખાતર અલગ કેવી રીતે કરો છો?

જવાબ:– અલગ કરવાનુ આવતુ જ નથી.

દાવાવાળી ખેતીની જમીન ટીકર રોડ ઉપર આવેલ છે જયારે મારી પોતાની માલીકીની ખેતીની જમીન માળીયા રોડ ઉપર આવેલ છે. આ બંને ખેતીનીન જમીનો વચ્ચે છ થી સાત કીલોમીટરનુ અંતર આવેલુ છે. એ વાત ખરી છે કે મારી માલીકીની ખેતીની જમીનમાંથી ઉત્પાદીત થયેલ પાકનુ વેચાણ હું ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતીમા કરુ છુ અને તે અંગેના બીલો પણ મને આપવામા આવે છે.

સવાલ:– દાવાવાળી ખેતીની જમીનમા કરેલ ખેતીથી ઉત્પાદીત થયેલ પાકનુ વેચાણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતીમા કરતા હોય તે અંગેના કોઈ બીલો

આપની પાસે નથી?

જવાબ:– અમે એકી સાથે જ બધુ વેચાણ કરીએ છીએ.

સવાલ:– આપની માલીકીની ખેતીની જમીનમાંથી થયેલ ઉત્પાદીત પાકનુ વેચાણ તથા દાવાવાળી ખેતીની જમીનમા કરેલ ખેતીથી ઉત્પાદીત થયેલ પાકનુ વેચાણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતીમા કરતા હોય તે અંગેના બીલો કોના નામના આવે છે?

જવાબ:– આ બીલો મારા પોતાના નામે એટલે કે ભુદરભાઈ લવજીભાઈ પટેલના નામે આવે છે.

હું દાવાવાળી ખેતીની જમીન સીવાય અન્ય કોઈ ખેતીની જમીન ભાગથી વાવતો નથી. દાવાવાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ મે જોયેલ છે. દાવાવાળી ખેતીની જમીનના વેચાણ દસ્તાવેજમા માણેકલાલભાઈએ લક્ષ્મીશંકરભાઈને આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ખેતીની જમીનની માલીકી રેવન્યુ રેકર્ડમા નામના આધારે નકકી થતી હોય છે. દાવાવાળી ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડ પ્રતીવાદીઓના નામે ચાલે છે તેની મને ખબર નથી. મે આ દાવાના કામે નરેશભાઈએ આપેલ જુબાની વાંચેલ નથી.

સવાલ:– નરેશભાઈએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા એવુ જણાવ્યુ હોય કે મે ગયા વર્ષે દાવાવાળી ખેતીની જમીનમા કપાસનુ વાવેતર કરેલ છે, તો તે વાત નરેશભાઈની સાચી છે?

જવાબ:– મને ખબર નથી.

મે છેલ્લા ત્રણ ચાર વર્ષથી દાવાવાળી ખેતીની જમીન વાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્યાં નર્મદા કેનાલનુ પાણી આવતુ ન હોય તેથી વાવણી કરેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળી ખેતીની જમીનમાંથી જે ખેતીની ઉપજ થાય છે તેના વેચાણના ત્રીજાભાગના આવક વાદીને ચુકવણી કરી હોય તે અં ગેના કોઈ લેખીત આધાર મારી પાસે નથી.

R.C.S. 18/2014
આંક–૬૦નુ સાંધણ

૩. એ વાત ખરી નથી કે વાદીને મદદ કરવા માટે ખોટી જુબાની આપુ છુ તેમજ વાદીઓ સાથે દાવાવાળી જમીન ત્રીજા ભાગે વાવવા સબંધેનુ કોઈ જ આધાર ન હોવા છતા મારી જુબાનીમા ખોટી હકીકત જણાવી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**પ્રતીવાદી નં.૧થી ૪ તરફે ઉલટ તપાસ.**

**પ્રતીવાદી નં. ૫ તરફે કરેલ ઉલટ તપાસ પ્રતીવાદી નં.૧ થી જનાઓ એડોપ્ટ કરે છે.**

**ફેર તપાસ નથી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૯/૦૧/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ